

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ડૂબતા ધનિકો માટે બેંકો જ ડાળી થઈ ગઈ!*
*કરાવી દીધું નાણું સફેદ, કાળી થઈ ગઈ!*
*ભાગી ગઈ ઘર 'કાળાં' કરવા સરકાર પણ -*
*થઈ સાળી, વિરોધ પક્ષોને 'દે વાળી' થઈ ગઈ!*
*(બેન્કોની બદનામી)*

હાઈકુ

*લાગી ગૈ ટીલી,*
*જનધન, છલક્યાં -*
*કાળાં નાણાંથી...*

*કાળાં નાણાં એ,*
*ઓઢી લીધો ખૂલીતી -*
*સફેદ બૂર્ખો...*

### ચિંતન

**રાજ્ઞિ ધર્મિણિ ધર્મિષ્ઠા પાપે પાપી સમે સમાઃ ।**
**લોકાસ્તમનુવર્તન્તે યથા રાજા તથા પ્રજા ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ' નો આ શ્લોક છે :

જો રાજા પોતે ધાર્મિક અને શ્રદ્ધાવાન હશે તો તેની પ્રજામાં પણ ધાર્મિક અને શ્રદ્ધાળુ થશે. જો રાજા પાપી અને નિર્દય હશે પ્રજા પણ એવા જ દુર્ગુણો વાળી બને એ તદ્દન સ્વાભાવિક જ છે. જો રાજા પાપ-પુણ્યની બાબતમાં તટસ્થ - સમાન રહે તો પ્રજા પણ પાપ-પુણ્યમાં સરખી જ રહે છે. પ્રજા હંમેશાં રાજાના ગુણ-સદ્ગુણ-દુર્ગુણને જ અનુસરે છે. આથી જ કહેવામાં આવ્યું છે કે યથા રાજા તથા પ્રજા (જેવો રાજા - તેવી પ્રજા.)

આજે આતંકી દેશોની પ્રજા અને અતિ ઉદ્યમી દેશોની પ્રજાના અવલોકનથી આ વાત સમજવી તદ્દન સરળ અને વાસ્તવિક જણાય છે.

### સુવિચાર

- પાપનાં ડાળખાં-પાંદડા પર કુહાડો ચલાવનારા ચલાવનારા હજારો લોકો હશે, પણ એનાં મૂળિયાં પર ઘા કરનાર કોક વિરલા જ નીકળશે - **સંત રોબિન**
- માનસિક વિકાસ માટે ધાર્મિક પુસ્તકોનું અધ્યયન કરીને અટકી જવું યોગ્ય નથી, એના સિદ્ધાંતો કાર્યમાં પરિણિત થાય એ પણ એટલું જ મહત્ત્વનું છે - **એની બેસન્ટ**
- જિંદગી આપણને એક ઉત્તમ પુરસ્કાર આપે છે. એ છે કરવા જેવું કામ કરવાની તક - **રૂઝવેલ્ટ**
- આદર્શ સમાજ એટલે માત્ર કલ્પનામાં ભજવાનું નાટક - **સંત જ્યોર્જ**
- આપણે શું કરવાના છીએ તેના પરથી નહિં, પણ આપણે અત્યારે શું કરી છીએ તેના પરથી લોકો આપણી કિંમત આંકે છે - **હેન્રી ફોર્ડ**
- તમારા છૂપામાં છૂપા વિચારો પણ પવિત્ર રાખો, કારણ કે તેમાં પણ અદ્ભૂત સામર્થ્ય રહેલું છે - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : ગળો, ગોખરું, આમળા, સાકર, ઘીથી ખવાય । વૃદ્ધપણું વ્યાપે નહીં, રોગ સમૂળો જાય ॥

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

માણસ જાતે આત્મ પરીક્ષણ અને આત્મ નિરીક્ષણ દ્વારા જ જાતને સુધારી શકે છે એ જ રીતે મન-ચિત્ત-વિચારના દોષ કરી શકે છે અને એની જાતમાં જ પરિવર્તન કરી 'જ્ઞાની' થઈ શકે છે...

સોક્રેટીસ વિશ્વ વિખ્યાત ચિંતક અને મહાજ્ઞાની હતા. લોકો પોતાની કોઈ પણ સમસ્યા કે પ્રશ્નો તેમની પાસે રજૂ કરતા અને તે બધાનો સંતોષકારક પ્રત્યુત્તર-ઉકેલ સોક્રેટીસ પાસેથી મળતો અને તેમને સંતોષ થઈ જતો.

એકવાર એક સંતે સોક્રેટીસને પૂછ્યું - આપ જાતે એટલા જ્ઞાની અને વિચારક-બુદ્ધિમાન છો તો આપના 'ગુરુજી' એ હિસાબે કેટલા વિદ્વાન-બુદ્ધિમાન હશે! આપના ગુરુજી કોણ - એમનું નામ શું છે?

સોક્રેટીસ કહે - મને મળવા આવતા 'મૂર્ખા' જ મારા ગુરુ છે. પ્રશ્નકર્તા કહે એમ તે કેમ હોઈ શકે? મૂર્ખા ગુરુ કેમ હોઈ શકે?

સોક્રેટીસ કહે - તે લોકો જે ભૂલ-દુર્ગુણથી 'મૂર્ખ' સાબિત થયા એ દોષો હું મારામાંથી દૂર કરવા સતત પ્રયત્નો કરતો રહું છે... તેથી જ તેમને હું મારા ગુરું માનું છું...

# વાયબ્રન્ટ સમિટ ફળદાયી બનશે...

વાઈબ્રન્ટ મહોત્સવ-૨૦૧૭ નિમિત્તે ગાંધીનગરમાં વિશ્વ પ્રતિનિધિઓ સાથે જ ગુજરાતના ગૌરવ સમા ઉદ્યોગપતિ મૂકેશ અંબાણી, રતન તાતા અને ગૌતમ અદાણીએ ઉપસ્થિત રહી અબજોના રોકાણની જાહેરાત કરી. બધાએ મન મૂકીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોકાણની જાહેરાત કરી. બધાએ મન મૂકીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી. કદાચ આ પ્રકારની ઈવન્ટ મોદી પહેલાંની સરકારોએ યોજી પણ હશે તો એને આટલી પ્રસિદ્ધિ ક્યારેય નહોતી મળી. પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી ઘણાં વર્ષોથી થતી આવી છે પરંતુ એનીય પરાકાષ્ઠા મોદીયુગમાં જ જોવા મળી છે. એક તરફ મોદી પોતે ગરીબો માટે જ સરકાર ચલાવી રહ્યા હોવાનો દાવો કરતા ફરે છે. દેશનું નાણું મૂઠીભર ઉદ્યોગપતિઓ અને મોટા વેપારીઓ પાસે જ જમા થઈ ગયું છે અને તે પરિસ્થિતિથી મોદીએ વિચલિત થઈ નોટબંધી જેવું ઐતિહાસિક પગલું ભર્યું તેવો પ્રચારા કરીને ઉત્તરુપ્રદેશ સહિત જયાં પણ વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ છે ત્યાં ગરીબ વર્ગને આકર્ષવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વળી ઈન્કમટેક્સ વિભાગને જનધન અને ઝીરો બેલેન્સ ખાતાંની તપાસ નહીં કરવાની સૂચના મળેલ છે. ગરીબોનાં ખાતામાં જમા થયેલ કાળાં નાણાં આ રીતે સલામત બની જવાનાં હોય તો નોટબંધીની ફલશ્રુતિ શું? નોટબંધી જેવા આકરા નિર્ણયના પરિણામે દેશભરમાં ફેલાયેલ અંધાધૂંધી અને જનઆક્રોસને કારણે વરિષ્ઠ નેતાઓ અને મંત્રીઓ આ નિર્ણય રિઝર્વ બેન્કનો હોવાનો કહી આફત ટાળવા મથે છે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારંવાર આ નિર્ણય પોતે જ લીધો હોવાનો એકરાર કરી એનું ગૌરવ અને યશ લેવાનો પ્રયાસ કરે છે. હવે જયારે સંસદની નાણાંકીય બાબતોની સમિતિએ આ અંગે રિઝર્વ બેંકનો જવાબ માગ્યો છે ત્યારે એણે સ્પષ્ટ ખુલાસો કરેલ છે, કે ૭ નવેમ્બર, ૨૦૧૬ના રોજ કેન્દ્ર સરકારે એને રૂા. ૫૦૦ અને રૂ.૧૦૦૦ ની નોટો બંધ કરવાની 'સલાહ' આપી હતી, જે અનુસાર રિઝર્વ બેન્કે બીજા દિવસે નોટબંધીની 'ભલામણ' કરતાં ગણતરીના જ કલાકોમાં મોદીએ નોટબંધીનું રાષ્ટ્રજોગું એલાન કરી દીધું હતું. સામાન્ય માનવીને પોતાનાં જ નાણાં મેળવવામાં પડી રહેલ મુશ્કેલીના મુદ્દે આવી પરિસ્થિતિ સર્જવા બદલ અદાલતોએ રિઝર્વ બેંકને અને કેન્દ્ર

**તંત્રીસ્થાનેથી...**

સરકારને વર્તમાન પરિસ્થિતિ અંગે પૃચ્છા કરતાં હવે બેઉ સકંજામાં આવી ગયેલ છે. સંસદની નાણાં સમિતિના અધ્યક્ષ કોંગ્રેસના વરિષ્ઠ નેતા વીરપ્પા મોઈલી છે, તેથી આ મુદ્દો કોંગ્રેસ સહિત વિપક્ષો માટે ચૂંટણી પ્રચાર દરમિયાન હાથવગો બની રહેશે. આ સમિતિએ રિઝર્વ બેંકના ગર્વનર પાસેથી જવાબ માગ્યો છે તે જ રીતે એ વડાપ્રધાન અને નાણાંમંત્રીનો જવાબ પણ માગી શકશે. ટૂંકમાં જ નોટબંધી મુદ્દો વડાપ્રધાન ભાજપને જિતાડવાનો માસ્ટર સ્ટ્રોક લેખાય છે. તે જ કદાચ એમની પાર્ટી માટે ગળાની ફાંસ બની શકે છે. ગુજરાતમાં બે દિવસના પ્રવાસે આવેલ વડાપ્રધાન વિરુદ્ધ દેખાવો કરવા માગતા અને બેરોજગારી જેવા મુદ્દે તથા રાજયની જમીનો ઉદ્યોગપતિઓને પધરાવી દેવા વિરુદ્ધ રજૂઆત કરવા માગતા યુવા નેતાઓ કે વિપક્ષને એવી તક ન અપાઈ તે સૂચક છે. આગામી દિવસોમાં આ જ 'વાયબ્રન્ટ' વિપક્ષો માટે ચૂંટણી પ્રચારનો કેન્દ્રીય મુદ્દો બની ભાજપ સામે બૂમરેંગ થઈ શકે છે.

# શેરડી, ગોળ, અને તલ : આટલું જાણવું જરૂરી છે



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

ઉત્તરાયણ આવવાને હવે એકાદ દિવસની જ વાર છે. વાઈબ્રંટની સાથે સાથે ઉત્તરાયણ માર્કેટમાં પણ તેજી છે. પતંગ-દોરીની સાથે સાથે ઉત્તરાયણના નાશ્તાઓના ઢગ ખડકાઈ ગયા છે. શેરડી, તલ-શિંગ-દાળીયાની ચિક્કી, મમરાના લાડું, આદિનો સ્ટોક થવા લાગ્યો છે. આમાના મુખ્ય એટલેકે શેરડી, ગોળ, અને તલ વિષે થોડું વધું વિગતે જાણીએ.

સૌથી પહેલા શેરડી... આયુર્વેદમાં તૃણપંચમૂળમાં (ઘાસયુક્ત પંચમૂળ) સ્થાન પામેલી શેરડીનું સંસ્કૃત નામ 'ઈક્ષુ' છે. ખાંડ તથા ગોળની જનનિ એવી શેરડી શર્કરાનો બફર સ્ટોક છે. મૂળમાં અતિ મધુર અને ઉપરના ભાગે (આગળામાં) ઓછે મધુર એવી શેરડી પ્રકૃતિમાં ઠંડી, સ્નિગ્ધ, પિત્તનું શમન કરનાર, મૂત્રલ, મેદવૃધ્ધિ કરનાર, તૃષા શમાવનાર, અને કફ વધારનાર છે. તરસ્યાને શેરડીનો રસ સાક્ષાત અમૃત સમાન લાગે છે. આયુર્વેદમાં વમન કરાવવામાં (પંચકર્મની એક પ્રોસેસ જેમા વ્યક્તિને ઉલ્ટી કરાવીને કફ બહાર કઢાવે છે) પ્રાયઃ શેરડીનો રસ પ્રચૂર માત્રામાં પીવડાવી પછી વમન કરાવવામાં આવે છે. આ ઉપરાંત રક્તપિત્ત, ઉદરરોગ, નસકોરી ફૂટવી, મૂત્રવેગ વધારવા માટે, પાંડુરોગ-એનિમીયામાં, તેમજ વાજીકરણ અર્થે (જાતીય રોગોમાં) પણ શેરડીની અસરકારકતા આયુર્વેદમાં વર્ણીત છે. કફ પ્રકૃતિવાળી વ્યકિત અતિમાત્રામાં શેરડી ખાય તો તેને કફ વધી શકે છે.



શેરડીની જ એક નવી ભાવના એટલે ગોળ. આયુર્વેદમાં જુના ગોળને ઉત્તમ માન્યો છે. નવો ગોળ કફ-શ્વાસ-શરદી-કૃમિ કરનાર છે જ્યારે જુનો ગોળ પચવામાં સરળ, ભૂખ લગાડનાર, પિત્તને ઓછું કરનાર છે. કફનાં રોગોમાં જુના ગોળને આદું સાથે, પિત્તનાં રોગોમાં જુના ગોળને હરડે સાથે, અને વાયુનાં રોગોમાં જુના ગોળને સૂંઠ સાથે લેવાથી તાત્કાલિક ફાયદો થાય છે તેવું આયુર્વેદમાં વિધાન છે. (અનુભવે સિધ્ધ છે). જો કે અત્યારની પરિસ્થિતિ અલગ છે. તૈયાર ચિક્કી અને મમરાના લાડુંમાં ક્યો અને કેવો ગોળ વપરાયો હશે તે તો ભગવાન જાણે. અત્યારના ગોળ પણ દવા વાળા આવે છે એટલે તેની અસરકારકતા કેટલી એ પ્રશ્નાર્થ છે. જો કે શોધતા ભગવાન પણ મળે છે તો જુના દેસી ગોળ તો શું ચીજ છે !!! (અત્યારના ટાઈમે એકાદ આંટો ગામડે લગાવી આવો.. ક્યાક ગોળના 'ભરડા'ચાલતા જ હશે, ત્યાં થી તાજો દેશી ગોળ લઈ લો અને એકાદ વર્ષ સુધી સંઘરી રાખો. આવતા વર્ષે જુના દેશી ગોળના ફાયદાઓ માણો...)

ગોળ પછી વાત કરીએ તલની.. તલને આયુર્વેદમાં પરમ બલદાયક કહ્યુ છે. તલનું તેલ માલીશ કરવા માટે શ્રેષ્ઠ છે. તે વાયુના રોગોને હણે છે. જાતીય રોગોમાં કાળા તલને ચાવવાથી ખૂબ ફાયદો થાય છે. ત્વચા માટે, અને કેશ માટે ઉત્તમ એવા તલ કફ અને પિત્તને વધારનાર છે. આયુર્વેદમાં તલ અને તલની ભાવનાઓનો અનેક રોગોમાં ઉપયોગ છે. વાયુને લગતા રોગો, વાળના અને ચામડીના રોગો, આંખના રોગો, હરસમાં અને રસાયણ-વાજીકરણ અર્થે તલ ઉત્તમ ઔષધિની ગરજ સારે છે.

શેરડી, ગોળ, અને તલના હેલ્થ બેનીફીટસ વિષે આટલું જાણ્યા પછી હવે તેને વધું અવેરનેસ સાથે માણીએ... ઉત્તરાયણની આગોતરી શુભેચ્છાઓ...

-contact@atharvaayu.com

# ઓગણત્રીસમા જ્ઞાનસત્રની આડીઅવળી વાતો : 3

પહેલીવહેલી વાર જયારે જાણ્યું કે આ વરસનું ગુજરાતી સાહિત્યનું જ્ઞાનસત્ર મગરવાડામાં મળવાનું છે ત્યારે એક કુતૂહલ જાગેલું કે કયાં આવ્યું હશે આ મગરવાડા અને કેવું હશે એ ગામ? પછી ધીરે ધીરે એની વિગતો મળવા લાગી પણ છેલ્લા દિવસ સુધી હું નક્કી કરી શકેલો નહીં કે મગરવાડા કયા રસ્તેથી જવાનું છે. અમારા પડોશી અંબાજીની બસમાં ખેરાલું ઉતરી જઈને ત્યાંથી છકડા કે જીપમાં બેસી જવાનું જણાવતા હતા. ઘણા દિવસ પહેલાં અમારા પ્રવાસીમિત્ર સુરેશભાઈ ચૌહાણે તેઓ ટ્રેનમાં છાપી ઉતરી છકડા-જીપમાં મગરવાડા જવાશે એવું જણાવેલું. અમે ટ્રેનમાં જવા તૈયાર ન હતા. છેલ્લે ભાઈ મહેન્દ્રભાઈ રાઠોડ પાસેથી સાચો મારગ સાંપડ્યો. બસ ડેપોમાંથી પાલનપુર જતી બસની વિગતો જાણી. કંટ્રોલરે પાછી અમને આશરે માહિતી આપી કે છ-સવા છ વાગ્યે પાલનપુરથી બસ ઉપડશે. અમારી દીકરી અમને છેલ્લા બે દિવસથી કહેતી હતી કે ગાંધીનગરથી પાલનપુર બસ સાત વાગ્યે ઉપડે. અમે એના પર ભરોસો કર્યો નહી પરિણામે તારીખ ૨ ૩મી ડિસેમ્બરની ઠંડીમાં (નહીં સમસમતી, નહીં ગુલાબી) ખાસ્સા સવા કલાક જેટલો સમય બસ સ્ટેન્ડમાં આટાફેર્યા માર્યા અને બાજુમાં કોઈ સાહિત્યરસિક મિત્ર હતો નહીં એટલે મોટા બાગનો સમય મૂંગેમૂંગાં રહી, ઘડીભર આંખો મીંચી રાખતા, ઘડીભર આંખો ઊઘાડી આજુબાજુ ડાફોડીયા મારતા અને સવા દસની આજુબાજુ છાપી પહોંચી ગયા. ત્યાંથી જ્ઞાનસત્રના પ્રવાસીઓ માટે ગોઠવાયેલી બસ મળતા વિનામૂલ્યે મગરવાડા જોવા મળ્યું, નહીંતર રીક્ષાવાળા તો ૯ કિલોમીટરના પૂરા સો રૂપિયા કમાવા માટે તૈયાર હતા.

મગરવાડા પહોંચ્યા કે તરત સાહિત્યમય થઈ ગયા. સ્વાગત બેઠકની હજી શરુઆત થઈ હતી. કોઈ સ્થાનિક કાર્યકર પ્રારંભની વિગતો આપતા હતા. પરિષદના અધ્યક્ષ ચંદ્રકાન્ત ટોપીવાળા, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરી અન્ય મહેમાનો સાથે મંચ પર વિરાજી ચૂક્યા હતા. આ વખતની ખાસ અતિથિ રૂપે એન.ગોપી, તેલુગુ ભાષાના સમર્થ સાહિત્યકાર આવ્યા હતા. તેમના કેટલાક કાવ્યોના અનુવાદ પરબના પ્રગટ થયેલા છે એટલે સાહિત્યરસિકો માટે એન.ગોપી નામ સાવ અજાણ્યું રહ્યું નથી. રમણીક સોમેશ્વર તેમના સાહિત્ય અકાદમી (દિલ્હી) દ્વારા પુરસ્કૃત થયેલા કાવ્યસંગ્રહ 'I will not let time sleep' નો ગુજરાતી અનુવાદ 'સમયને સૂવા નહીં દઉં કર્યો છે. તેમાંથી ખૂબ જાણીતા થયેલા કાવ્ય'ની થોડીક પંક્તિઓ વાંચીએ.

અમારી આ રંગબેરંગી ગોદડી પાસે
પાણી બરે વિમલની બધી જ ડિઝાઈનો
યાદ છે બરાબર
બનાવતાં આ ગોદડી
લાગ્યા હતા મારી માને પૂરા દસ દિવસ

એન.ગોપીએ તેલુગુ ભાષામાં જાપાની હાઈકુ માફક વીસથી પચ્ચીસ શબ્દોનો એક ખાસ કાવ્યપ્રકાર 'નાનીલુ' વિકસાવ્યો છે. જેનું જૂના-નવા કવિઓએ એટલું બધું ખેડાણ કર્યું છે કે તેલુગુમાં આશરે ૩૦૦ જેટલા 'નાનીલુ' ના સંગ્રહ પ્રગટ થયા છે. ગોપી 'નાનીલુ' ના સર્જનહાર તરીકે ઓળખાય છે. તેમણે અંગ્રેજીમાં ત્રણ નાનીલુ રજૂ કર્યા હતા. જે ગુજરાતીમાં નીચે મુજબ છે.

૧.જમણો હાથ
બળ્યા વગરનો રહ્યો ચિતામાં
કારણ?
એણે પકડી છે પેન.
૨. અફસોસ કરશો નહીં
ભાંગેલા માટીના વાસણ માટે
પૃથ્વી સર્જી રહી છે.
આકાર નવો.
૩. ભાષા છે
દિવાનખંડનો પોપટ
બોલી ?
રસોડાની સુગંધ

મને લાગે છે કે હાઈકું કરતાં પણ નાનકુમાં કલ્પનાચિત્રો અને વિચારો ખૂબ સારી રીતે રજૂ થઈ શકે છે. ચિંતા એક જ છે, ગુજરાતી કવિઓ એના પર તૂટી ના પડે તો સારું. ગોપીએ તેલુગુ અને ગુજરાતી સાહિત્યની ઘણી વાતો કરી. એમણે જયારે કહ્યું કે આપણી કરણઘેલા નવલકથા (નંદશંકર મેહતા) એમની તેલુગુ નવલકથા કરતાં સિનિયર છે ત્યારે ખરેખર આશ્ચર્ય થયું. તેઓ હિન્દી-અંગ્રેજી બંને સારું બોલી શકે છે એવું લાગ્યું. આશા રાખીએ કે આપણી જેમ ગોપી મહાશયને પણ મગરવાડાની મહેમાનગતિ યાદ રહેશે.



## મનના ઉમંગો

રણછોડ પરમાર

શરુઆત ગુજરાતના ગૌરવ ગીત 'જય જય ગરવી ગુજરાત'થી કરવામાં આવી. હંમેશા એમ થાય છે, પરંતુ આ વખતે થોડી ગરબડ થઈ. ગાયકભાઈને નર્મદના સચોટ ગીતના બદલે લાંબુ લચક અવિનાસ વ્યાસનું ગીત લલકારી દીધું. અધ્યક્ષએ તેમને અટકાવવા પડ્યા. પછી વિજયરત્નસોમજી મહારાજે સર્વેને હૃદયના ખરા ભાવથી આવકાર આપ્યો. એમની સાદી અને સરળ ભાષાએ બધાને મન મોહી લીધા. સત્રના ત્રણે દિવસ દરમિયાન એમનું વર્તન એવું સદ્ભાવના ભર્યું અને સૌહાર્દપૂર્ણ રહ્યું કે વિદાયવેળાએ ઘણા બધા પ્રવાસીઓ (મારા સહિત) એમને પગે લાગ્યા, પૂરેપૂરી લાગણીથી.

હવે એન.ગોપીના મિત્ર બની ગયેલા રમણીક સામેશ્વરે ગોપીનો પરિચય કરાવ્યો. એમની મહેનતના કારણે જ આપણી ભાષાના કાર્યક્રમમાં કદાચ પહેલીવાર દક્ષિણ ભારતના સર્જક ભાગરૂપ બની શક્યા છે. ગોપીએ રજૂ કરેલા વિચારોની વાત આગળ કહી દીધી છે. અધ્યક્ષ પણ ઘણું સરળ અને મુદ્દાસર (બે મુદ્દા) બોલ્યા જેની રઘુવીરે એમના અંદાજમાં પ્રશંસા કરી! તેમણે રાજેન્દ્ર પટેલ અને પ્રફુલ્લ રાવલના અંતરના સંબંધોથી થોડી વાતો કરી શ્રોતાઓને ખુશ કરી દીધા. હર્ષ બ્રહ્મભટ્ટે જ્ઞાનસત્રના કાર્યક્રમોમાંથી સરવૈયું રજૂ કરવાની અને ઈનામ વિતરણની કામગીરી બાદ કરવામાં આવ ી છે તેની વિગતો આપી. હવે જ્ઞાનસત્રોમાં સોએ સો ટકા સાહિત્યની જ ચર્ચાઓ થઈ શકશે. પ્રફુલ્લભાઈએ છેલ્લા વર્ષ દરમિયાન પરિષદે કરેલ કામગીરીનો અહેવાલ આપ્યો અને...

...રાજેન્દ્રભાઈ પટેલે આયોજકોનો આભાર માનવીની ઔપચારિકતા પૂર્ણ કરી એટલે બધાના દિલ, દિાગ અને પગ મગરવાડાના પ્રથમ સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપવા ભોજનશાળા તરફ વળ્યા.

# 'પડી રહેશો તો ફાટી જશો, ઉંચે ઉઠશો તો ગગન ચૂમશો, અભિમાન કરશો તો કપાઈ જશો, સંપથી રહેશો તો આકાશે મઢાશો'

કો અદમ્ય આશાના દોરે, બાંધ્યો ઊડતો પ્રાણ પતંગ, જીવન ગગને પેચ ન જામે, વ્યર્થ ઉડવું, એમાં શો ઉમંગ?

અવનવા પતંગોથી ભર્યું ભર્યું રંગ ભરપૂર આકાશ.....ને......કપાયેલા પતંગને પકડવા હડિયાપાટી કરતા બાળકો — જોઈ મને મારું વિસ્મૃત બાળપણ જરા યાદ આવી ગયું....આમ તો સઘળા અભાવોથી ભરેલું સાવ કોરુંકટ જીવન.... ન મોજશોખ કે ન આનંદ કિલ્લોલ.... પતંગ ખરીદી લાવ્યા હોય એવું તો યાદ નથી.... પણ આંગણામાં કે ઘરના છાપરે કપાઈને હાથ આવી ચડેલો પતંગ પામવાનું સદભાગ્ય સાંપડ્યું છે ખરું... સંજોગોએ શરમાળ ને અંતર્મુખી બનાવી દીધો.... કીકીયારીઓ પાડવી કે મોકળા મને રમવાનું કદી ફાવ્યું નથી... એકાકી ને અલગારી... શાંત... શિસ્તબદ્ધ જીવવાની ટેવ કોઠે પડી ગઈ.... ઉંચે આકાશે પતંગ ચગાવી જાણ્યો નથી ને પતંગ ચગાવતા આવડતું પણ નથી છતાં કપાઈ ને હાથમાં આવેલો પતંગ લઈ ફળિયા વચ્ચે થોડું દોડ્યાનું યાદ છે.... જેમ જેમ દોડીએ તેમ પતંગ ઉડે.... ગડથોલા ખાય.... ક્યાંક અથડાય ને ફાટી જાય....બાફેલી બાજરીમાં ગોળ નાંખી ફળિયાની ગાયોને નીરવા અચૂક જતા....જૂનાં કપડાં ગરીબ ભિખારી માંગણને આપી પૂણ્ય કમાઈ લેતા.... તલસાંકળી ખાવાનો ને ખવડાવવાનો લ્હાવો તો અદભૂત...!

આજે મારા સંતાનો તો પતંગ ચગાવી જાણે છે..... અઢળક આનંદ માણી શકે છે.... આ બધા ભાગ્ય ના ખેલ!!! ઉત્તરાયણ... મકરસંક્રાંતિ.... ને હવે પતંગોત્સવ.... દેશી... વિદેશી પતંગ રસિયાઓની કાબેલીયતતો સૌને મંત્રમુગ્ધ કરી દે તેવી જોવા મળે.... આજે સૌ પતંગોત્સવની મજા તો માણી જાણે છે.. પરંતુ પર્વની મજા સાથે તેના મર્મને પામવાનું ચૂકી ન જવાય એનું ખાસ ધ્યાન રાખજો...દોસ્તો, આનંદ કિલ્લોલ કરતા પતંગબાજો ને ગગને વિહરતો કનકવો એ તો આનંદનું ઉર્ધ્વગામી પ્રતિક છે. પતંગપર્વનો જીવનબોધ સમજવા જેવો છે... એક વખત પતંગ અને દોરા વચ્ચે ઝગડો થયો પતંગે કહ્યું કે, 'હું છું તો તારું મહત્વ છે ઉડું તો હું જ છું ને!?'

દોરાએ કહ્યું કે મારા વગર તારી કોઈ કિંમત જ નથી.... હું છું તો તું ઉડી શકે છે. પતંગ અને દોરો એકબીજાની ચોંટદાર દલીલો કરીને પોતાનું મહત્વ સાબિત કરવા માંથી રહ્યા હતા ત્યાં જ એક સાધુ પુરુષ સજ્જન આવ્યા તે આ બંનેનો વાર્તાલાપ સાંભળી કહેવા લાગ્યા કોઈપણ ઉડાન સંપ વગર શક્ય બનતી નથી... પતંગ અને દોરાનો પ્રેમ જ આકાશને આંબવાની શક્તિ આપે છે... સંબંધોનું પણ આવું જ છે... જિંદગીને જીતવા માટે કોઈએ પતંગ બનવું પડે છે ને કોઈ કે દોરો....પતંગે આખરે દોરાને કહ્યું કે, તું તો ખરેખર મારી પાંખ છે. પાંખ વગર કોઈ કેવી રીતે ઉડી શકે? પતંગોત્સવ આપણ સૌને સાથે મળીને ભળીને સંપીને રહેવાનું સૂચવે છે..જીવનમાં ક્યારેય જો તક મળે તો પતંગ બનજો અને ક્યારેક દોરા..... તો જ સંબંધો જળવાશે... મિત્રો, આ દુનિયા ખામી અને ખૂબીઓથી ભરેલી છે. મોટાભાગે સૌને ખૂબી નહિ પણ ખામી ઝટ નજરે ચઢે છે.' આપણો 'ડોળો' (દ્રષ્ટિકોણ) બદલવો પડશે. આપણી આસપાસ નિકટતા કે સામીપ્ય ધરાવનારી ગમે તે વ્યક્તિને એની ખામી સાથે સ્વીકારો ને સુધારવાનો પ્રયાસ આદરો.... નાના-મોટા,ઊંચ-નીચના સંકીર્ણ ખ્યાલો બાજુએ હડસેલી બીજાને ગમતા થવા પ્રયાસ કરીએ....સૌ સાથે સંપથી..... પ્રેમથી રહેવા મથીએ.. એમાં જ જીવનનું શ્રેય છે.



## લાગણીનો મેળો

રસિક વાળંદ

સંત તુલસીદાસે પોતાની ચોપાઈમાં 'પતંગ'નો ઉલ્લેખ કર્યો છે.

''કૂટ તિલંગી, નક્ષત્ર નાભા, સાહિલ નાવ તુફાન, ડોલત શરાબી કહો ગીરત જાનાત ભગવાન.' કપાયેલી પતંગ (કટી પતંગ), નક્ષત્ર નભા તૂફાનમાં સપડાયેલું નાવ, ડોલતો શરાબી ક્યાં જઈ પડશે એ તો ભગવાન જ જાણે.આપણો જીવન પતંગ સદા સ્થિર રહે... અધવચ્ચે ફસકી ન જાય એ માટે ભક્તિની દોરીથી જીવન પતંગને ઉડાડીએ...

પતંગપર્વ જીવવાની કળા શીખવે છે... આજની પેઢી પાંચ-પચ્ચીસના નંગ સ્વરૂપે પતંગ ખરીદે છે. જ્યારે અગાઉ 'કોડીબંધ' પતંગ ખરીદાતા... પતંગ ચગાવવો... પેચ લેવા ને બીજાનો પતંગ કાપવો એમાં આનંદ આવે... આપણો પતંગ પણ કપાય ખરો... જીવનમાં તડકા છાયા કે રાતદિવસની માફક સુખ-દુખની ઘટમાળ તો ચાલતી જ રહેવાની... એકસરખું ક્યાં કશું કાયમ ટકે છે... બધું બદલાયા જ કરે... બીજું ગમે તેવા વિષમ સંજોગોમાં પણ પેલો નરમ ઢઢ્ઢાવાળો પતંગ સારું ચગી શકે એમ નમ્ર — નાના બનતા શીખીએ તો ગગનગામી થવાય...

વ્હાલા પતંગવીરો! આખો દિવસ ઊંચા આકાશે ચગનારો પતંગ સાવ નાના ટપકા જેવો દેખાય છે. આ ચગેલો પતંગ આથમતી વેળાએ નીચે ઉતારવો પડે છે એમ પદ-પ્રતિષ્ઠા ને પૈસાની ઊંચાઈ મેળવ્યા પછી આખરે તો ધરતીમાં ધરબાવાનું જ છે. પતંગ એમનેમ ન ચગે બાવડામાં બળ જોઈએ... કુનેહ ને કસબની કામયાબીથી પતંગ ગગને વિહરે છે. દોરી, માન્જો ને કિન્ના આ તો ઉડવાની પૂર્વશરત છે. પવન પ્રારબ્ધ છે. એ સાચું છતાં પણ પવન ચગાવવાની કામયાબી આપી શકે. કેટલાક તો ઠુમકા — આંચકા લગાવી લગાવીને આખું આકાશ કબજે કરવાના મૂડમાં હોય છે. ગમે તેવા કાબેલ પતંગબાજ ભલે હોઈએ પણ ફીરકી પકડનાર કોઈ નહી હોય તો? આપણી ઉડ્ડયન યાત્રાની પ્રગતિમાં બીજાનો સહયોગ છે એ કદાપિ ન ભૂલાય.... એમનું ઋણ કદી ભૂલશો નહિ..... પતંગ કાપતા રહીએ ને કોઈ તાળી પણ ન પાડે તો કેવું લાગે?! જીવનમાં પ્રોત્સાહન આપનારા, તાળીઓ પાડનારાઓની પણ મહત્તા છે. એ કદી ન ભૂલશો... પતંગપર્વનું તત્વજ્ઞાન ખરેખર સમજવા જેવું છે... ઉમંગભરી ઉત્તરાયણ.... મનગમતી મકરસંક્રાંતિ..... પાવન પતંગોત્સવ આપણને કાનમાં કહી જાય છે...

'પડી રહેશો તો ફાટી જશો, ઉંચે ઉઠશો તો ગગન ચૂમશો
અભિમાન કરશો તો કપાઈ જશો , સંપથી રહેશો તો આકાશે મઢાશો.'

**સ્પર્શમણિ -**




- Rasikvaland1965@gmail.com